વિકલાંગોના કલ્યાણક્ષેત્રની સ્વૈચ્છિક સંસ્થાઓમાં
ધોરણ–૮ માટે ૧૮ શિક્ષકોની હંગામી જગ્યાઓ
ની મુદત તા.૨૮/ ૨/૨૦૧૭ સુધી વધારવા
બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ– અપગ/૧૦૨૦૧૪/૮૩૫૨૦૬/ન.બા.૩/છ.૧**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ–૧૭/૫/૨૦૧૬**

**વંચાણે લીધા :–**

(૧) આ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ–અપગ/૧૦૨૦૧૧/ન.બા.૧૧/છ–૧,તા.૮/૧૦/૨૦૧૨.

(૨) આ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ–અપગ/૧૦૨૦૧૪/૮૩૫૨૦૬/ ન.બા.૩/છ–૧, તા.૧૯/૫/૨૦૧૫

(૩) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૨/૩/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ– સસુખા અપગ/૧૫–૧૬/૫૮

**ઠ રા વ:–**

ભારત સરકારના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ–૨૦૦૯ મુજબ રાજય સરકારના શિક્ષણ વિભાગ ધ્વારા ધોરણ–૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવામાં આવેલ છે. અને રાજયની માધ્યમિક શાળાઓમાંથી ધોરણ–૮ના વર્ગો રદ કરીને પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ ના વર્ગો શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓમાં જયાં ધોરણ–૭ સુધી વ્યવસ્થા છે, ત્યાં ધોરણ–૮ ના વર્ગોના અભ્યાસક્રમ શરૂ કરવા માટે ઉપર ક્રમ–(૨) સામે વંચાણે લીધેલ આ વિભાગના ઠરાવ ક્રમાંકઃ–અપગ/૧૦૨૦૧૪/૮૩૫૨૦૬/ન.બા.૩/છ–૧, તા.૧૯/૫/૨૦૧૫ થી મંજુરી આપવામાં આવેલ છે.

૨/– સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગોની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ગ્રાન્ટ ઈન એઈડ કોડ–૧૯૯૨ ની જોગવાઈઓ મુજબ સ્ટાફ પેટર્ન મંજુર કરવામાં આવે છે. જેમાં મૂકબધિર અને દ્રષ્ટિહીન બાળકોની સંસ્થાઓમાં ૧૦ બાળકો દીઠ–૧ મદદનીશ શિક્ષક આપવાની જોગવાઈ છે અને વિકલાંગોની સંસ્થાઓમાં ૩૦ બાળકો દીઠ–૧ મદદનીશ શિક્ષક આપવાની જોગવાઈ છે. પરંતુ સંદર્ભ–(૨) માના ઠરાવથી શાળા માટે વર્ગ દીઠ એક (૦૧) શિક્ષકની જગ્યા શરતોને આધિન મંજુર કરેલ છે.

૩/– હાલ મુકબધિરની ૨૪ સંસ્થાઓમાં અને દ્રષ્ટિહીન બાળકોની ૧૭ સંસ્થાઓમાં તેમજ વિકલાંગોની ૬ સંસ્થાઓમાં ધોરણ–૮ શરૂ કરેલ છે અને તેમાં બાળકો અભ્યાસ કરી રહેલ છે. હાલની જરૂરીયાત મુજબ કુલ–૧૮ મદદનીશ શિક્ષકો મંજુર કરેલ છે. આ અંગે ઉપર વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંકથી નીચે મુજબની જગ્યાઓ મંજૂર કરેલ હતી.

| અ.નં. | સંવર્ગ | જગ્યાની સંખ્યા | પાંચ વર્ષ પૂર્ણ થયે મળવાપાત્ર પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | મદદનીશ | ૧૮ | ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૮૦૦ |

૪/– વંચાણે લીધેલા ક્રમાંક–૩ ના પત્ર ક્રમાંકથી ઉકત જગ્યાઓને આગળ ચાલુ રાખવાની જરૂરિયાત હોઈ તા.૨૮/૨/૨૦૧૭ સુધી જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૫/– પુખ્ત વિચારણાને અંતે ઉકત વિગતોને ઘ્યાને લેતાં ઉપર દર્શાવેલ સંવર્ગની જગ્યાઓને તા.૨૮/૨/૨૦૧૭ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

બોલીઓ અને શરતો વિભાગના તા.૧૯/૫/૨૦૧૫ના સમાનાંકી ઠરાવમાં જણાવ્યા પ્રમાણેથી યથાવત રહેશે.

૬/– આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા) ની તા.૭/૫/૨૦૧૬ની નોધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**(એમ.એલ.ભગોરા)**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી,બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,( નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, મારફત)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત,રાજય,અમદાવાદ/રાજકોટ

(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.

(૯) નાણા સલાહકારશ્રી,(સા.ન્યા.અને અ.વિભાગ), બ્લોકનં.૧૪,બીજો માળ,સચિવાલય, ગાંધીનગર.

(૧૦) સર્વે શાખાઓ,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારી,કોમ્પ્યુટરસેલ/સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.વિભાગની વેબ સાઈટમાં છ–૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સિલેકટ ફાઈલ,છ–૧/ શાખા.

RAJ10-131-133